ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૬ ઓક્ટોબર, ૨૦૨૬

નડિયાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ-3 પર લૂંટ ચલાવી હતી; 18 થી 23 વર્ષના ચાર યુવાનો પકડાયાં

નડિયાદમાં ૩.૭૦ કરોડની લૂંટનું રીકન્સ્ટ્રક્શન કરાયું

ચારેય શખસને કોર્ટે 9મી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 3 પર બુલિયન કંપનીના કર્મચારી પાસેથી રૂ. 3.70 કરોડની કિંમતના 3 કિલો સોનાની લૂંટ ચલાવનાર ચાર યુવાનોને પોલીસે ટેકનિકલ લોકેશનના આધારે વિરમગામ નજીકથી ઝડપી પાડ્યા છે. પશ્ચિમ રેલવે પોલીસે પકડાયેલા ચારેય આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કર્યું છે, જ્યારે કોર્ટે તમામના 9 ઓક્ટોબર સુધીના 4 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

નડિયાદ સ્ટેશને ત્રીજી તારીખે હાઉરા એક્સપ્રેસ ટ્રેનમાંથી અમદાવાદ સોનું વેચવા જઈ રહેલા ભરત ચૌધરી નામના મુસાફર ઉતરતાં જ અગાઉથી જ પ્લાનિંગ કરીને બેઠેલા લૂંટારાઓએ પ્લેટફોર્મ નંબર 3 પર તેમને ઘેરી લીધા હતા અને કરોડોનું સોનું લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ બનાવની ગંભીરતા જોઈને રાજ્યભરમાં સઘન નાકાબંધી ગોઠવવામાં આવી હતી. રેલવે અને સ્થાનિક પોલીસે સીસીટીવી ફૂટેજ તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ ચલાવી વિરમગામ ખાતેથી ચારેય આરોપીઓને ઝડપી લીધા હતા અને લૂંટાયેલું તમામ 3 કિલો સોનું તથા ગુનામાં વપરાયેલી ગાડીઓ જપ્ત કરી હતી.

આ લૂંટમાં ઝડપાયેલા ચારેય આરોપીઓ ખૂબ નાની વયના છે, જેમાં આકાશ ધનરાજ પ્રજાપતિ (ઉ.વ. 19, વાવ-થરાદ), કિરણ બાબરા ચૌધરી (ઉ.વ. 23, બનાસકાંઠા), દશરથ દલરામ પ્રજાપતિ (ઉ.વ. 18, વાવ-થરાદ) અને સાવન ભાવેશ ચૌધરી (ઉ.વ. 20, બનાસકાંઠા) નો સમાવેશ થાય છે. આ તમામ યુવાનો વયે નાના હોવા છતાં આટલા મોટા આર્થિક ગુનામાં સંડોવાયેલા હોવાથી પોલીસ દ્વારા તેમના બેકગ્રાઉન્ડની ઊંડાણપૂર્વક તપાસ થઈ રહી છે.

વડોદરા રેલવેના નાયબ પોલીસ અધિક્ષક જે.એસ. બારીયા અને તેમની ટીમે નડિયાદ સ્ટેશન પર આરોપીઓને સાથે રાખીને ભાગવાના રૂટ અને કડીઓ મેળવવા સઘન રીકન્સ્ટ્રક્શન કર્યું હતું. નડિયાદ કોર્ટે ચારેય આરોપીઓના શુક્રવાર, 9મી ઓક્ટોબરે બપોરે 3 વાગ્યા સુધીના 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે, જેથી કેસમાં અન્ય કોઈ સ્થાનિક કે બહારના ભેજાબાજોની સંડોવણી છે કે કેમ તેની તપાસ થઈ શકે.



નડિયાદના ટુંડેલ પાસે કારની ટક્કરે બે શ્રમિકોના મોત

બિહારના શ્રમિકો રાત્રે નોકરી પર જતાં હતાં તે વખતે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદન પીજ રોડ પર આવેલા ટુંડેલ રોડ પર પૂરઝડપે આવેલી કારની અડફેટે આવતાં બિહારના બે પરપ્રાંતીય શ્રમિકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા છે. નડિયાદ તાલુકાના ટુંડેલ ગામની સીમમાં રહીને સ્થાનિક કંપનીમાં કામ કરતા બંને શ્રમિકો તા. ૩ ઓક્ટોબરની રાત્રે નોકરી પર જઈ રહ્યા હતા ત્યારે આ કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર, બિહારના મૂળ વતની અને ટુંડેલ ગામની સીમમાં રહી 'નેક્સ્ટ ઝોન ટેકનો પ્લાસ્ટ' નામની કંપનીમાં નોકરી કરતા મહેશ પ્રહલાદ યાદવ (ઉ.વ. ૪૫) અને અજીત બાલચંદ યાદવ (ઉ.વ. ૪૦) તા. ૩ ઓક્ટોબરની રાત્રે પોતાની નોકરી પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ટુંડેલ રોડ પર પૂરઝડપે આવેલી એક સફેદ વરના ગાડીએ બંને શ્રમિકોને જોરદાર અડફેટે લીધા હતા. આ ટક્કરના કારણે બંને શ્રમિકોને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત સર્જીને કારનો ચાલક પોતાનું વાહન સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકો પૈકી અજીત યાદવનું નડિયાદ સિવિલ હોસ્પિટલમાં અને મહેશ યાદવનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે કિશોરી બાલચંદ યાદવની ફરિયાદના આધારે વસો પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ પાસે ધોરી માર્ગ પર વધી રહેલા અકસ્માતથી ચિંતા પ્રસરી છે.

ખંભાતના પ્રસિધ્ધ લોકમેળાની જગ્યા માટે અધધધ ૬૫ લાખની બોલી લાગી

શહેરના ચકડોળ ગ્રાઉન્ડ ખાતે યોજાતા દિવાળી લોકમેળા માટે ઉપરના અને નીચેના બંને ગ્રાઉન્ડની હરાજી સંપન્ન

(પ્રતિનિધિ) ખંભાત તા. ૫

ખંભાત શહેરની વર્ષોથી ચાલી આવતી પરંપરાનો લોકમેળો હવે દિવાળીના પર્વે ફરી ધમધમશે. શહેરના ચકડોળ ગ્રાઉન્ડ ખાતે યોજાતા પરંપરાગત દિવાળી લોકમેળા માટે ઉપરના અને નીચેના બંને ગ્રાઉન્ડની હરાજી પ્રક્રિયા પૂર્ણ થતાં મેળો યોજાવાનો માર્ગ મોકળો થયો છે. હરાજી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થતાં ખંભાત શહેર તેમજ તાલુકાની જનતામાં આનંદની લાગણી વ્યાપી છે. ચકડોળ ગ્રાઉન્ડના



ઉપરના ગ્રાઉન્ડની હરાજીમાં કુલ ૧૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. રૂ. ૪૧ લાખથી શરૂ થયેલી હરાજીમાં બોલી વધતા અંતે રૂ. ૬૫ લાખ સુધી પહોંચી હતી. ફિરોજભાઈ મુલતાની દ્વારા રૂ. ૬૫ લાખની બોલી બોલાતા તેમનું ટેન્ડર પાસ થયું હતું. આ રકમ ઉપરાંત ૧૮ ટકા જીએસટીનો ચાર્જ પણ ઉમેરવામાં આવ્યો હતો. આમ, ઉપરના ગ્રાઉન્ડની હરાજી અપેક્ષા મુજબના ભાવ સાથે પૂર્ણ થઈ હતી. બીજી તરફ, નીચેના ગ્રાઉન્ડના પાથરણાની હરાજી પણ અલગથી યોજાઈ હતી. આ હરાજીની બોલી રૂ. ૫ લાખથી શરૂ થઈ હતી અને અંતે રૂ. ૧૫ લાખે પૂર્ણ થઈ હતી.

જેમાં જનકભાઈ બ્રહ્મભટ્ટનું ટેન્ડર પાસ થયું હતું. આમ, ઉપરના તથા નીચેના બંને ગ્રાઉન્ડની હરાજી અલગ-અલગ રીતે પૂર્ણ થતાં હવે ખંભાતના ચકડોળ ગ્રાઉન્ડ ખાતે દિવાળીનો પરંપરાગત લોકમેળો યોજાવા જઈ રહ્યો છે. ખંભાતમાં વર્ષોથી દિવાળીના પર્વ સાથે લોકમેળાની પરંપરા જોડાયેલી છે. આ વખતે હરાજી પ્રક્રિયા પ્રથમ જ તબક્કામાં સફળ થતાં નગરજનોમાં મેળાને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નગરપાલિકાને ધાર્યા ભાવો મળતા હરાજી સફળ રહી હોવાનું નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન રાણાએ જણાવ્યું હતું. હવે દિવાળીના પર્વે ચકડોળ ગ્રાઉન્ડ ખાતે લોકમેળાનો માહોલ જામશે અને ખંભાતીઓ વર્ષોથી ચાલતી આ પરંપરાનો ફરી આનંદ માણશે.

અલબત્ત, રાજ્યમાં કેટલીક ઘટનાઓ બાદ સરકારે લોકમેળામાં સુરક્ષા વ્યવસ્થાને લઈ કડક નિયમ બનાવ્યાં છે. જેનો અમલ જરૂરી બન્યો છે.

નડિયાદના કોમ્પ્લેક્સમાં જુગારનો અડ્ડો પકડાયો

લોકલ ક્રાઇમ બ્રાંચે દરોડો પાડી દુકાનમાં ચાલતા અડ્ડા પરથી ૯ને પકડી પાડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

ખેડા લોકલ ક્રાઇમ બ્રાંચે નડિયાદના સંતરામ રોડ પર આવેલ ડી.પી. દેસાઈના ખાંચામાં એક કોમ્પલેક્ષની દુકાનમાં દરોડો પાડી જાહેરમાં પત્તા-પાનાનો જુગાર રમતા ૯ ઈસમોને રોકડ રૂ. ૨૪,૨૦૦ અને જુગારના સાધનો સાથે ઝડપી પાડ્યા છે.

ખેડા લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, નડિયાદ સંતરામ રોડ સ્થિત ડી.પી. દેસાઈના ખાંચામાં આવેલા વિરાટ કોમ્પલેક્ષની 'રામ ઈલેક્ટ્રોનિક્સ' નામની દુકાનમાં દુકાન માલિક સમીરકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ (રહે. અક્ષર માર્ગ સોસાયટી, પીપલગ ચોકડી, નડિયાદ) બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા માટે જુગાર રમાડે છે. આ બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડતા દુકાનમાં જુગાર રમતા ૯ શખ્સો ઝડપાઈ ગયા હતા.

આ દરોડામાં પોલીસે સ્થળ પરથી જુગારના સાધનો તથા રોકડ રૂ. ૨૪,૨૦૦ કબ્જે કર્યા હતા. પકડાયેલા સમીરકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ, ગોપાલભાઈ હંગામીલાલ શાહ, મયંકકુમાર કાંતિલાલ ત્રિવેદી, પુષ્યેન્દ્રકુમાર જીસુલાલ સમદાણી, રાકેશભાઈ ચુનીલાલ શાહ, સત્યનારાયણ શાંતિલાલ લડ્ઢા (મહેશ્વરી), હાર્દિક પ્રકાશચંદ્ર ચોખડા, ગીરીરાજ રામેશ્વરલાલ શાહ તેમજ કૃષ્ણકુમાર ઓમપ્રકાશ શાહનો સમાવેશ થાય છે. આ બનાવ અંગે એલસીબી ખેડાની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદની ભરબજારમાં ચાલતા આ જુગારના અડ્ડાની બાતમી નડિયાદ ટાઉન પોલીસને ન મળી તે પણ ચર્ચાનો વિષય બન્યો છે.

ખેડાના માતર રોડ પર કાર ટક્કરે રીક્ષામાં સવાર ૩ના કરુણ મોત

સંતરામ મિલ પાસે સર્જાયો ગમખ્વાર અકસ્માત, ટક્કર મારી ઇકો ચાલક ફરાર

(પ્રતિનિધિ) ખેડા તા.૫

ખેડાના માતર રોડ પર રવિવારની રાત્રે વધુ એક લોહિયાળ અકસ્માતે ત્રણ પરિવારોના માળા વિખેરી નાખ્યા છે. સંતરામ મિલ નજીક પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો ગાડીએ મુસાફરોથી ભરેલી રીક્ષાને જોરદાર ટક્કર મારતા રીક્ષામાં સવાર 3 નિર્દોષ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે 4 લોકો ગંભીર રીતે ઘાયલ થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અકસ્માત સર્જીને નરાધમ ઈકો ચાલક ગાડી સહિત ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો



હતો. આ અકસ્માતની જાણ થતાની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘાયલોને તાત્કાલિક બહાર કાઢી સારવાર અર્થે ખેડા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં મલેક અબ્દુલકૈયુમ ડોસુમીયા (રહે. સીંજીવાડા), અમરસિંગ બુધાભાઈ વાઘેલા (શેખપુર) અને બળવંતભાઈ વિષ્ણુભાઈ (રહે. દેથલી) અકસ્માતમાં મૃત્યુ પામ્યાં હોવાનું ખુલ્યું હતું. આ ઉપરાંત અન્ય ચાર મુસાફરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર તાત્કાલિક ઘટનાસ્થળે અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલે દોડી આવ્યા હતા. ઘાયલોની હાલત નાજુક જણાતા તેમણે માનવતા દાખવી તમામ 4 ઘાયલોને વધુ સારવાર માટે તાત્કાલિક અમદાવાદ રીફર કરાવ્યા હતા. બીજી તરફ,આ ઘટનાની જાણ થતા માતર પોલીસ, ડી.વાય.એસ.પી. અને માતર મામલતદાર સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ફરાર ઈકો ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ખંભાતનો માથાભારે શખસ 'લલ્લો' પાસા હેઠળ પકડાયો

આણંદ જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમ બાદ સુરતની લાજપોર જેલમાં મોકલાયો

(પ્રતિનિધિ) ખંભાત તા.૫

ખંભાત શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબંધી અને અસામાજિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમ અક્ષય ઉર્ફે લલ્લો નગીનભાઈ ચુનારા વિરૂદ્ધ પાસા હેઠળ કડક કાર્યવાહી કરીને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

આણંદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ કરનાર તત્વો સામે પાસા અને તડીપાર જેવી કાર્યવાહી કરવાની સૂચના મળતા જ ખંભાત સીટી પોલીસે આ કામગીરી કરી છે. આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી. જી. જસાણીના માર્ગદર્શન હેઠળ ઈ. નાયબ પોલીસ અધિક્ષક એચ. બી. વાઘેલાની સૂચના મુજબ ખંભાત સીટી પોલીસ



ઈન્સ્પેક્ટર પી. જે. બાંટવા દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. શક્કરપુર પાધરીયા વિસ્તારમાં રહેતો અક્ષય ઉર્ફે લલ્લો ચુનારા સામે અગાઉ શરીર સંબંધી અનેક ગુનાઓ દાખલ થયેલા હોવાથી, તેની પાસા દરખાસ્ત આણંદ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ દરખાસ્ત મંજૂર કરી પાસા વોરંટ ઇશ્યૂ કરવામાં આવતા જ પોલીસે અટકાયત કરી તેને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અક્ષય ઉર્ફે લલ્લો નગીનભાઈ ચુનારા (રહે. શક્કરપુર પાધરીયા વિસ્તાર, ખંભાત) સામે ખંભાત સીટી પોલીસ સ્ટેશનમાં કુલ ૫ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

આણંદના હાડગુડમાંથી ગેરકાયદે કતલખાનું ઝડપાયું, ૯ની ધરપકડ

પોલીસ કાર્યવાહીમાં ૭ જીવતા પશુઓને ઉગારી પાંજરાપોળ મોકલાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૫

આણંદ શહેર પોલીસે હાડગુડ ગામના તળાવ નજીક ગામતળ વિસ્તારમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ગૌવંશની કતલ કરનાર ૯ આરોપીઓની ધરપકડ કરી આશરે ૭૫૦ કિલો ગૌમાંસ જપ્ત કર્યું છે તેમજ ૭ જીવતા પશુઓને સહી-સલામત પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા છે.

આણંદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એસ. કંડોરીયાને ચોક્કસ બાતમી મળી હતી કે હાડગુડ ગામના તળાવ નજીકના ગામતળ વિસ્તારમાં મકાનોમાં ગૌવંશ લાવી ગેરકાયદે કતલ કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ટીમો બનાવી ચોક્કસ સ્થળે દરોડો પાડતા સ્થળ પરથી ગૌવંશનું માસ અને તેના અવશેષો મળી આવ્યા હતા.

જોકે, પોલીસે દરોડા દરમિયાન રૂ. ૧૫૦ લાખની કિંમતનું ૭૫૦ કિલો ગૌમાંસ, કતલ માટે વપરાતા હથિયારો-સાધનો અને ૪ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૬૬,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા ગૌમાંસના જથ્થાને પોલીસે જેસીબી મશીનની મદદથી જમીનમાં દાટીને નાશ કર્યો હતો.

આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલા તમામ ૯ આરોપીઓ સામે પશુ સંરક્ષણ કાયદા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આરોપીઓના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવાની તજવીજ કરવામાં આવી છે.

પકડાયેલા આરોપી



મોહમદસિદ્દીક ઉસ્માન કુરેશી, અબ્દુલકરીમ ઉસ્માનભાઈ કુરેશી, સરફરાજ રહેમાનભાઈ કુરેશી, સમીરહુસૈન સલીમભાઈ કુરેશી, સાજીદ સાબીરહુસૈન કુરેશી, હુસૈનભાઈ કાદરભાઈ કુરેશી, મોહસીનઅખ્તર અલ્લારખા કુરેશી, અલ્લારખા ઇકબાલ હુસૈન કુરેશી અને મોહમદસાહીદ કાદરભાઈ કુરેશી.

ચરોતરની 'ખામ' થિયરીને પુર્નજીવિત કરવા શંકરસિંહનો પ્રયાસ !

૨૦૨૭ની ચૂંટણી પૂર્વે સામાજિક સમીકરણો બદલાવાની અટકળો તેજ બનતાં રાજકીય ગરમાવો વ્યાપ્યો

(પ્રતિનિધિ) આણંદ તા ૫

ગુજરાતના રાજકારણમાં આગામી વિધાનસભાની ચૂંટણીને હજુ એક વર્ષથી વધુ સમય બાકી છે, ત્યારે જ સામાજિક અને રાજકીય સમીકરણોને લઈને નવી ચર્ચાઓ શરૂ થઈ છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સાગબારામાં આદિવાસીઓના વિરોધ પ્રદર્શનના મંચ પરથી આપેલા નિવેદને ગુજરાતના રાજકારણમાં નવી હલચલ ઊભી કરી છે. ગુજરાતમાં અનામત વર્ગોની વસતી ૭૦ ટકા હોવાનો દાવો કરીને તેમણે પછાત વર્ગોના હિતોની તરફેણ કરી અને ભાજપને અનામત વિરોધી ગણાવી હતી. તેમના આ નિવેદનને રાજકીય વર્તુળોમાં પૂર્વ મુખ્યમંત્રી અને ચરોતરના દિગ્ગજ નેતા માધવસિંહ સોલંકીની ઐતિહાસિક ખામ થિયરી સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

ખામ થિયરીનો મુખ્ય આધાર સામાજિક રીતે વિવિધ પરંતુ રાજકીય રીતે એકસાથે આવી શકે તેવા વર્ગોને એકજૂથ કરવાનો હતો. તેના પરિણામે કોંગ્રેસે ગુજરાતમાં અભૂતપૂર્વ રાજકીય સફળતા મેળવી હતી. ખાસ કરીને ૧૯૮૫ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૧૮૨માંથી ૧૪૯ બેઠકો જીતીને ઐતિહાસિક વિજય નોંધાવ્યો હતો. આ જીત પાછળ ખામ થિયરીની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. તત્કાલીન સમયે ખામ થિયરી માત્ર ચૂંટણી જીતવાનું સૂત્ર નહોતું, પરંતુ તેના સામાજિક અને રાજકીય પરિણામો પણ લાંબા સમય સુધી અનુભવાયા હતા. શંકરસિંહ વાઘેલાના નિવેદનનું રાજકીય મહત્ત્વ એ છે કે તેમણે અનામત વર્ગોની સંખ્યાને ચૂંટણીના સંભવિત રાજકીય સમીકરણ સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે. ૭૦ ટકા વસતીનો તેમનો દાવો જો રાજકીય ચર્ચાનો મુખ્ય મુદ્દો બને તો આદિવાસી, ઓબીસી, દલિત અને અન્ય પછાત વર્ગોના હિતો ચૂંટણીના એજન્ડામાં મહત્ત્વનું સ્થાન મેળવી શકે છે.

બીજી તરફ, ભાજપ માટે પણ આ સંભવિત રાજકીય પડકારને હળવાશથી લેવાનું શક્ય નહીં બને. આદિવાસી વિસ્તારોમાં વિકાસનાં કામો, કલ્યાણકારી યોજનાઓ અને સ્થાનિક નેતૃત્વના આધારે પક્ષે પોતાનો જનાધાર મજબૂત કર્યો છે. તેથી પછાત વર્ગોના પ્રશ્નો પર ઊભી થતી રાજકીય ચર્ચાનો જવાબ આપવો ભાજપ માટે પણ મહત્ત્વપૂર્ણ રહેશે. ચરોતરના માધવસિંહ સોલંકીએ એક સમયે સામાજિક સમીકરણોને સત્તાની ચાવીમાં પરિવર્તિત કરીને વર્ષ ૧૯૮૫માં ગુજરાતના રાજકારણમાં નવો ઇતિહાસ રચ્યો હતો. હવે ૨૦૨૭ની ચૂંટણી પૂર્વે ફરી એકવાર એ જ પ્રકારની રાજકીય વ્યૂહરચનાની ચર્ચા શરૂ થઈ છે. જોકે, ખામ થિયરીનું પુનરાવર્તન થશે કે નહીં તેનો નિર્ણય માત્ર નિવેદનોથી નહીં, પરંતુ જનસમર્થન, રાજકીય સંગઠન અને ચૂંટણીના મેદાનમાં ઊભા થતા વાસ્તવિક સમીકરણોથી જ થશે. આગામી મહિનાઓમાં આ ચર્ચા કેટલી આગળ વધે છે તે જ ૨૦૨૭ની ચૂંટણીના રાજકીય માહોલની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ બની શકે છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225